RIGHT TO INFORMATION

અપીલ અરજી નં.૪૮૦ તા.૧૭–૧૨–૧૧
ફોન નં.૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ– શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર
સામાવાળાઃ– (૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન
(૨)એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(ઉધના ઝોન)
(૩)ડે.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી (રાંદેર ઝોન)
(૪)સીટી ઈજનેર અને જાહેર માહિતિ અધિકારી(લીંબાયતઝોન)
(૫) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (કતારગામ ઝોન)
(૬) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછા ઝોન)
(૭) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવા ઝોન)
(૮) ડે.કમિશ્નર (પી.એન્ડ ડી.) અને જાહેર માહિતી અધિકારી (ટી.પી.)
(૯) ઈ.ચા.ડે.કમિ.(હે અને હો) અને અઅરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારી (આરોગ્ય)

## ફરીયાદની હકીકતઃ–

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા. ૧૨–૧૦–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) સુ.મ.ન.પા.નાં તમામ ઝોનમાં નવા વિસ્તારનો સમાવેશ કયાંથી કયાં સુધીની, સદર નવા વિસ્તારમાં કેટલી સંખ્યામાં હેલ્થ સેન્ટર ઉભાં કયા સ્થળે અને કેટલી સંખ્યામાં કરવામાં આવેલ છે જેની માહિતીની નકલ (૨) સદર નવા વિસ્તારનાં હેલ્થ સેન્ટરની ગ્રાન્ટ સરકારનાં આરોગ્ય વિભાગમાંથી આજ સુધીમાં કેટલી રકમની આવેલ છે જેની માહિતીની નકલ વિ.મુદ્દા નં.(૧)થી (૯)ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૧૭–૧૨–૧૧ ની **SMC/FAP/** નં.૪૮૦/૨૦૧૧–૧૨

શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા. ૧૨–૧૦–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) સુ.મ.ન.પા.નાં તમામ ઝોનમાં નવા વિસ્તારનો સમાવેશ કયાંથી કયાં સુધીની, સદર નવા વિસ્તારમાં કેટલી સંખ્યામાં હેલ્થ સેન્ટર ઉભાં કયા સ્થળે અને કેટલી સંખ્યામાં કરવામાં આવેલ છે જેની માહિતીની નકલ (૨) સદર નવા વિસ્તારનાં હેલ્થ સેન્ટરની ગ્રાન્ટ સરકારનાં આરોગ્ય વિભાગમાંથી આજ સુધીમાં કેટલી રકમની આવેલ છે જેની માહિતીની નકલ વિ.મુદ્દા નં.(૧)થી (૯)ની માહિતી આપવા બાબતે અપારદર્શી, અયોગ્ય,અપૂરતી અને અસત્ય માહિતીથી અસંતુષ્ટ હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૭–૧૨–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા મુદ્દા નં.૧થી૪ માટે આરોગ્ય, મુદ્દા નં.૧ અને ૫ થી ૯ માટે લાગત ઝોનને નવા – જૂના વિસ્તારની સરહદ હેલ્થ સેન્ટર, નવા હેલ્થ સેન્ટરો તથા નવાના બાંધકામ અને જૂના તથા નવા માટે ગ્રાન્ટ અંગે દફતરી માહિતી આધાર સહ સ્પષ્ટ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/ ૧૩૩૪ તા.૨૯–૧૨–૧૧ થી (૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન (૨)એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(ઉધના ઝોન)(૩)ડે.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી (રાંદેર ઝોન) (૪)સીટી ઈજનેર અને જાહેર માહિતિ અધિકારી(લીંબાયતઝોન) (૫) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (કતારગામ ઝોન)(૬) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછા ઝોન)(૭) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવા ઝોન) (૮) ડે.કમિશ્નર (પી.એન્ડ ડી.) અને જાહેર માહિતી અધિકારી (ટી.પી.)(૯) ઈ.ચા.ડે.કમિ.(હે અને હો) અને આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારી (આરોગ્ય) પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી આરોગ્ય ના પત્ર નં. પીએચડી/પી.ઓ/આરટીઆઈ/૩૭ તા.૭–૧–૧૨ થી નોંધ વિભાગ, સેન્ટ્રલઝોન ધ્વારા પત્ર નં.૧૨૬૪ તા.૧૩–૧૦–૧૧ થી સમય અવધિમાં જાહેર માહિતી અધિકારીઓને તબદીલ કરેલ પત્રની નકલ, નમુના–ક ની અરજીની નકલ, અરજદારને પત્ર નં.પીએચડી/પીઓ/આરટીઆઈ/૨૦ તા.૨૪–૧૦–૧૧ થી આપેલ માહિતીના પત્રની નકલ, અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી (વરાછા ઝોન) ના પત્ર નં.આરટીઆઈ/૫૭૪ તા.૬–૧–૧૨થી નમુના –ક ની અરજીની નકલ, તબદીલ કરેલ પત્રની નકલ, અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) ના પત્ર નં.સે.ઝોન / આરટીઆઈ/ આ./૨૦૭૩ તા.૨૧–૧–૧૨ થી નમુના –ક ની અરજીની નકલ, નોંધ વિભાગ, અરજદારને પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/ આ./૧૪૭૪ તા.૧૧–૧૧–૧૧ થી આપેલ માહિતીના પત્રની નકલ, પત્ર નં.સે.ઝોન /આરટીઆઈ/આ./૧૯૩૫ તા.૬–૧–૧૨ થી પાના નં.૧ ની માહિતી આપ્યાના પત્રની નકલ, અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી (રાંદેર ઝોન) ના પત્ર નં.વેસ્ટઝોન/ આરટીઆઈ/૯૦૫ તા.૫–૧–૧૨ થી તબદીલ કરેલ પત્રની નકલ, અરજદારની મુળ અરજીની નકલ, અરજદારને પત્ર નં. વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/૬૭૭ તા.૧૭–૧૦–૧૧ થી આપેલ માહિતીની નકલ, જાહેર માહિતી અધિકારી (કતારગામ ઝોન) ના પત્ર નં.એન.ઝેડ/આઉટ/૬૮૬૮ તા.૯–૧–૧૨ થી નોંધ

વિભાગ, મ.જાહેર માહિતી અધિકારી નગર નિયોજકના પત્ર નં.ટીપીડી/આ/આરટીઆઈ/૩૬૩ તા.૨૪–૧૦–૧૧ થી તબદીલ કરેલ પત્રની નકલ, સેન્ટ્રલઝોન તરફથી તબદીલ કરેલ પત્રની નકલ,અરજદારની મુળ અરજીની નકલ, નોંધ વિભાગ, ઈલે.કું ના સબ સ્ટેશનની માહિતીની નકલ, અરજદારને પત્ર નં.એન.ઝેડ/આઉટ/૫૩૧૭ તા.૮–૧૧–૧૧ થી માહિતી પુરી પાડેલ પત્રની નકલ, અરજદારને પત્ર નં.એન.ઝેડ/આઉટ/૫૫૪૯ તા.૧૭–૧૧–૧૧થી દસ્તાવેજી ફી ભરી નકલ આપ્યાના પત્રની નકલ, અત્રે મળેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન, અઠવાઝોન, લીંબાયતઝોન તથા ટાઉન પ્લાનીંગ વિભાગની પુરક વિગતો અત્રે મળેલ નથી.

અરજદારની ૧૨–૧૦–૧૧ ની અરજીથી બાબત હેઠળની માહિતી માંગતી અરજી સેન્ટ્રલ ઝોન ખાતે કરવામાં આવેલ. જે અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.૧૨૬૪ તા.૧૩–૧૦–૧૧ થી નિયત સમય અવધિમાં જાહેર માહિતી અધિકારી તમામ ઝોન, આરોગ્ય વિભાગ, ટાઉન પ્લાનીંગ વિભાગ તથા આસી. સેક્રેટરી ને તબદીલ કરવામાં આવેલ. મ.જાહેર માહિતી અધિકારી ટાઉન પ્લાનીંગ વિભાગ તરફથી મુદ્દા નં.૧ થી ૪ અંગે આરોગ્ય અધિકારી (હે એન્ડ હો) ને તથા મુદ્દા નં.૫ થી ૯ અંગે ટીપીડી/આ.નં.૩૬૩ તા.૨૪–૧૦–૧૧ થી કાર્યપાલક ઈજનેર તમામ ઝોનને સમય અવધિબાદ તબદીલ કરવામાં આવેલ છે. વરાછાઝોન તરફથી પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૫૭૪ તા.૨૫–૧૦–૧૧ થી આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારીને તબદીલ કરવામાં આવેલ છે. અઠવાઝોન તરફથી પત્ર નં.સા.વે.ઝોન (અઠવા) /આરટીઆઈ/૮૯૨ તા.૩–૧૧–૧૧ થી મુદ્દા નં.૧ થી ૪ અંગે આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારીને અઘટિત વિલંબથી તબદીલ કરવામાં આવેલ છે. ઉધના ઝોન તરફથી પત્ર નં.સા.ઝોન/આ./૧૬૨ તા.૨૫–૧૧–૧૧ થી આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારીને તબદીલ કરવામાં આવેલ છે. જે તે લાગત જાહેર માહિતી અધિકારી તરફથી અરજદાર ને નિર્દિષ્ટ સમયગાળામાં મુદ્દા નં.૧ થી ૪ અંગે આરોગ્ય અધિકારી તથા મુદ્દા નં.૫ થી ૮ અંગે ટોરન્ટ પાવર ક્ષેત્રમાં આવતા ઝોન તરફથી માહિતી પુરી પાડવામાં આવેલ છે. જે અંગે અજરદારે અપારદર્શી, અયોગ્ય,અપૂરતી અને અસત્ય માહિતીથી અસંતુષ્ટ હોવાનું જણાવી નારાજ થઈ તા.૧૭–૧૨–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે. જે અંગે મુદ્દા નં.૯ અંગે અત્રેથી નોડલ ઓફિસર આરટીઆઈ સેલના પત્ર નં.આરટીઆઈ સેલ/૧૨૯૪ તા.૨૧–૧૨–૧૧ થી અપીલ અધિકારી (સેક્રેટરી વિભાગ)ને અપીલ અરજી અંશતઃ તબદીલ કરવામાં આવેલ.

જે બાબતે અરજદારે અરજીમાં મુદ્દા નં.૧ સુ.મ.ન.પા.નાં તમામ ઝોનમાં નવા વિસ્તારનો સમાવેશ કયાંથી કયાં સુધીની, સદર નવા વિસ્તારમાં કેટલી સંખ્યામાં હેલ્થ સેન્ટર ઉભાં કયા સ્થળે અને કેટલી સંખ્યામાં કરવામાં આવેલ છે જેની માહિતીની નકલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી આરોગ્ય તરફથી પત્ર નં.પીએચડી/પી.ઓ/ આરટીઆઈ/૨૦ તા.૨૪–૧૦–૧૧ થી નિયત સમય અવધિમાં સુ.મ.પા.માં નવા સમાવેશ વિસ્તારમાં ઝોન વાઈઝ શરૂ કરવામાં આવેલ અર્બન હેલ્થ સેન્ટરની વિગતવાર માહિતી આપવામાં આવેલ છે.(૧). વેસ્ટઝોન– નીલ (૨) નોર્થઝોન કોસાડ અર્બન હેલ્થ સેન્ટર સાયણ રોડ, (૩) ઈસ્ટઝોન– પુણા અર્બન હેલ્થ સેન્ટર પુણા ગામ, (૪) ૧.ઉધનાઝોન– વડોદ અર્બન હેલ્થ સેન્ટર વડોદ ગામ, ૨. ઉન અર્બન હેલ્થ સેન્ટર સ્વપ્નસૃષ્ટિ સોસાયટી ઉન, ૩ ભેસ્તાન અર્બન હેલ્થ સેન્ટર ઈ.ડબલ્યુ એસ. આવાસ ભેસ્તાન રેલ્વે ફાટક સામે, (૫) લીંબાયત ઝોન ગોડાદરા અર્બન હેલ્થ સેન્ટર ગોડાદરા, (૬) સાઉથ વેસ્ટઝોન (અઠવા) –નીલ, આમ નવા સમાવિષ્ટ વિસ્તારમાં અર્બન હેલ્થ સેન્ટરની સંખ્યા –૬ છે. જયારે જુના વિસ્તારમાં અર્બન હેલ્થ સેન્ટરની સંખ્યા –૧૬ છે. કુલ્લે મળી અર્બન હેલ્થ સેન્ટરની સંખ્યા –૨૨ છે. જયારે અર્બન હેલ્થ સેન્ટર અને મેટરનીટી હોમની સંખ્યા ફકત જુના વિસ્તારમાં જ છે જેની સંખ્યા –૧૨ છે. આમ મુદ્દા નં.૧ ની માહિતી અરજદારે અપુરતી હોવાનું જણાવેલ છે પરંતુ તે અંગે કોઈ આધાર જણાવેલ નથી. વધુમાં અરજદારે ફકત નવા વિસ્તારોમાં અર્બન હેલ્થ સેન્ટરોની માહિતી માંગી છે જે જાહેર માહિતી અધિકારીએ પુરી પાડી છે. જાહેર માહિતી અધિકારી ઉધના ઝોન તરફથી પત્ર નં.સા.ઝોન /ટેક/૫૨૨ તા.૨૧–૧૧–૧૧ થી નિયત સમય અવધિબાદ મુદ્દા નં.૧ બાબતે નવા વિસ્તારો પૈકી વડોદ ના રે. સ. નં.૧૮૭ ખાતે હેલ્થ સેન્ટર બનાવવામાં આવેલ છે તેવી પુર્તતા કરેલ છે. જાહેર માહિતી અધિકારી કતારગામ ઝોન તરફથી પત્ર નં. એનઝેડ/આઉટ/૫૩૩૭ તા.૮–૧૧–૧૧ થી નિયત સમય અવધિમાં મુદ્દા નં.૧ અંગે નોર્થઝોન નવા સમાવિષ્ટ વિસ્તારમાં કોસાડ ખાતે નવુ હેલ્થ સેન્ટર બનાવી કાર્યરત કરેલ છે. તેમજ ઉત્રાણ ખાતે નવુ હેલ્થ સેન્ટર બનાવવા અંગે ટેન્ડર મંગાવવામાં આવેલ છે.

મુદ્દા નં.(૨) સદર નવા વિસ્તારનાં હેલ્થ સેન્ટરની ગ્રાન્ટ સરકારનાં આરોગ્ય વિભાગમાંથી આજ સુધીમાં કેટલી રકમની આવેલ છે જેની માહિતીની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી ઉધના ઝોન તરફથી પત્ર નં.સા.ઝોન /ટેક/ ૫૨૨ તા.૨૧–૧૧–૧૧ થી બાંધકામ માટે સરકારના આરોગ્ય વિભાગ તરફથી કોઈ ગ્રાન્ટ મળતી નથી. જાહેર માહિતી અધિકારી કતારગામ ઝોન તરફથી લાગુ પડતુ નથી તેવુ જણાવેલ છે. મુદ્દા નં.(૩) જુના હેલ્થસેન્ટરની ગ્રાન્ટ સરકારના આરોગ્ય વિભાગમાંથી કેટલી રકમની આવેલ છે? જેની માહિતીની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી ઉધના ઝોન તરફથી લાગુ પડતુ નથી તેવુ જણાવેલ છે. જાહેર માહિતી અધિકારી કતારગામ ઝોન તરફથી લાગુ પડતુ નથી તેવુ જણાવેલ છે. મુદ્દા નં.૪ નવા હેલ્થ સેન્ટર અને જુના હેલ્થ સેન્ટરની કુલ ગ્રાન્ટનો ખર્ચ કયા હેલ્થ સેન્ટરમાં કેટલી રકમનો કરવામાં આવેલ છે, અને કઈ કઈ વસ્તુમાં– બાબતમાં કરવામાં આવેલ હોય જેની માહિતીની નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી ઉધના ઝોન તરફથી લાગુ પડતુ નથી તેવુ જણાવેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી કતારગામ ઝોન તરફથી લાગુ પડતુ નથી તેવુ જણાવેલ છે.

મુદ્દા નં.(૫) ટોરેન્ટ પાવર કંપનીનાં બદબાર ચેમ્બર્સ, કેબલ બોક્ષ, એસ.એમ.સી. નાં તમામ ઝોનમાં ઉભા કરવામાં આવેલ છે. જેની સંખ્યાની માહિતીની નકલ. તેવા પ્રશ્ન બાબતે કતારગામ ઝોન તરફથી પત્ર નં.એન.ઝેડ/આ./૫૩૧૭ તા.૮–૧૧–૧૧ થી નિયત સમય અવધિમાં બદબાર ચેમ્બર અને કેબલ બોક્ષની સંખ્યા અંગે કચેરીના ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરતા માહિતી ન હોય આપી શકાય તેમ નથી. તેવા પ્રશ્ન બાબતે સેન્ટ્રલ ઝોન તરફથી નિયત સમય અવધિબાદ પત્ર નં.સે.ઝોન /આરટીઆઈ /આ.૧૪૭૪ તા.૧૧–૧૧–૧૧ થી મુદ્દા નં.૫ થી ૯ની માહિતી આપવામાં આવેલ છે જેમાં આ પ્રકાર ના કેબલ બોક્ષની માહિતી સેન્ટ્રલઝોનના રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી. તેવુ જણાવેલ છે.

મુદ્દા નં.૬ સદર ટોરેન્ટ પાવર કંપનીનાં બદબાર ચેમ્બર્સ, કેબલ બોક્ષ આજ સુધીમાં કેટલુ ભાડુ વસુલ કરવામાં આવેલ છે. જેની માહિતી તથા ભાડુ વસુલ કરતાં વિભાગની માહિતીની નકલ. તેવા પશ્ન બાબતે કતારગામ ઝોન તરફથી પત્ર નં.એન.ઝેડ/આ.૫૩૧૭ તા.૮–૧૧–૧૧ થી નિયત સમય અવધિમાં બદબાર ચેમ્બર અને કેબલ બોક્ષ નું ભાડુ વસુલવામાં આવતુ ન હોય તેની વિગત આપી શકાય તેમ નથી. તેમ જણાવેલ છે. તેવા પશ્ન બાબતે સેન્ટ્રલ ઝોન તરફથી નિયત સમય અવધિબાદ પત્ર નં.સે.ઝોન આરટીઆઈ /આ.૧૪૭૪ તા.૧૧–૧૧–૧૧ થી આ માહિતી સેન્ટ્રલઝોનના રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી. તેવુ જણાવેલ છે.

મુદ્દા નં.(૭) ટોરન્ટ પાવર કંપની સબસ્ટેશન એસ.એમ.સીના તમામ ઝોનમાં ઉભા કરવામાં આવેલ છે? જેની સંખ્યાની માહિતીની નકલ. તેવા પ્રશ્ન બાબતે કતારગામ ઝોન તરફથી પત્ર નં.એન.ઝેડ/આ.૫૩૧૭ તા.૮–૧૧–૧૧ થી નિયત સમય અવધિમાં નોર્થઝોન માં સુ.મ.પા.ની જગ્યામાં ભાડા પટ્ટેથી ટોરન્ટ પાવર કંપનીને ૭ જગ્યાએ સબ સ્ટેશન ઉભા કરવાની મંજુરી આપવામાં આવેલ છે. જેની માહિતી ની નકલ મેળવવા પ્રત્યેક પાના દીઠ નકલ રૂા.૨/– પ્રમાણે રૂપિયા ૨/– ભરપાઈ કર્યેથી માહિતી આપવામાં આવશે. જે અંગે અરજદારે ર.નં.૯૨૩૩૫ સેન્ટ્રલઝોન ખાતે ભરપાઈ કરેલ હોય અરજદારને પત્ર નં. એન.ઝેડ/આ. ૫૫૪૯ તા.૧૭–૧૧–૧૧ થી નકલ પુરી પાડવામાં આવેલ છે. તેવા પ્રશ્ન બાબતે સેન્ટ્રલ ઝોન તરફથી પત્ર નં. સે.ઝોન /આરટીઆઈ/ આ.૧૪૭૪ તા.૧૧–૧૧–૧૧ થી ટોરન્ટ પાવર કંપની ધ્વારા સેન્ટ્રલઝોનમાં સુ.મ.પા.ની જમીન પર ૧૮ સબસ્ટેશન ઉભા કરવામાં આવેલ છે. જેની ૧ પાનાની માહિતીના રૂા.૨/– ભર્યેથી મળી શકશે. તેવું સમય અવધિબાદ જણાવેલ. જે અંગે અરજદાર સેન્ટ્રલઝોન માં ર.નં.૯૨૩૭૭ તા.૧૬–૧૧–૧૧ થી રૂા.૩૬/– ભરપાઈ કરેલ છે. જે અંગે અરજદારે અપીલમાં નાણાં ભરપાઈ કરેલ હોવા છતા માહિતી મળેલ નથી તેવી રજુઆત કરેલ પરંતુ તે અંગે અરજદારને અપીલ તબકકે નાણાં ભરપાઈ કર્યાનું ઝોનને જણાવી માહિતી મેળવવા પ્રયત્ન કરેલ છે કે કેમ? તે અંગે કોઈ પુરક વિગતો પુરી પાડેલ નથી. પરંતુ સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ/૧૯૩૫ તા.૬–૧–૧૨ થી ટોરન્ટ પાવર લી.ના સબ સ્ટેશનના ભાડાની વિગત દર્શાવતુ પત્રક પુરુ પાડેલ છે. પરંતુ અરજદારને જાહેર માહિતી અધિકારીએ ૧૮ પાનાની માહિતી માટે નાણાં ભરવાનું જણાવેલ નથી. પરંતુ ફકત પુરા ૧૮ સબ સ્ટેશનની એક પાનાની નકલના રૂા.૨/– ભરવા જણાવેલ છે અને તે માહિતી અરજદારને તા.૬–૧–૧૧ થી પુરી પાડવામાં આવેલ છે. તે સિવાય આ અંગે અરજદારે કલમ ૭(૧) સાથે ૭(૩) હેઠળ કોઈ તકરાર ઉપસ્થિત કરેલ નથી.

મુદ્દા નં.(૮) ટોરન્ટ પાવર કંપનીનાં સબ સ્ટેશનનું આજ સુધીમાં કેટલુ ભાડુ વસુલ કરવામાં આવેલ છે? જેની તથા ભાડુ વસુલ કરતાં વિભાગની માહિતીની નકલ. તેવા પ્રશ્ન બાબતે કતારગામ ઝોન તરફથી પત્ર નં.એન.ઝેડ/આ.૫૩૧૭ તા.૮–૧૧–૧૧ થી નિયત સમય અવધિમાં કતારગામ ઝોનના જમીન મિલ્કત ધ્વારા ટોરન્ટ પાવર કંપનીના સબસ્ટેશનનું આજસુધીમાં કુલ રૂા.૭૫,૨૭,૬૦૬–૩૩ પૈસા ભાડુ વસુલ લેવામાં આવેલ છે. જે બાબતે અરજદારે અપીલમાં કેટલા સબ સ્ટેશન ની માહિતી જણાવેલ નથી. તેવી રજુઆત કરેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારીએ આવેલ સબસ્ટેશનની યાદી અરજદારને આપવામાં આવેલ છે. જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી પત્ર નં.સા.વે.ઝોન(અઠવા) / આરટીઆઈ/૯૧૧ તા.૧૧–૧૧–૧૧ થી સમય અવધિબાદ મુદ્દા નં.૭ તથા ૮ અંગે પાનાની નકલ નં.૪ પ્રતિ રૂા.૨/– લેખે કુલ્લે રૂા. ૮ ભરપાઈ કરવાથી માહિતીની નકલ મળી શકશે તેવુ જણાવેલ જે અંગે અરજદારે સેન્ટ્રલ ઝોન ખાતે ર.નં.૯૨૩૭૫ તા.૧૬–૧૧–૧૧ થી ભરપાઈ કરેલ. જે અંગે અરજદારે અપીલમાં નાણાં ભરપાઈ કરેલ હોવા છતા માહિતી મળેલ નથી તેવી રજુઆત કરેલ પરંતુ અરજદારે જાહેર માહિતી અધિકારી અઠવાઝોનને નાણાં ભરપાઈ કર્યાનું સુચિત કરી માહિતી મેળવી લેવા પ્રયત્ન કર્યાની કોઈ વિગતો અપીલ તબકકે રજુ કરેલ નથી. તેવા પ્રશ્ન બાબતે સેન્ટ્રલ ઝોન તરફથી પત્ર નં.સે.ઝોન /આરટીઆઈ /આ.૧૪૭૪ તા.૧૧–૧૧–૧૧ થી ટોરન્ટ પાવર કંપનીના સબસ્ટેશનનું ભાડુ સેન્ટ્રલઝોનની જમીન મિલકત ધ્વારા વસુલ કરવામાં આવે છે અને સદર વિભાગ ધ્વારા આજસુધીમાં રૂા.૩૦,૩૯,૪૩૮–૫૪ પૈસા સબ સ્ટેશનના ભાડા પેટે વસુલ કરવામાં આવેલ છે. જેની ૧ પાનાની માહિતીની નકલ અનુ નં.૭ માં દર્શાવેલ રકમ જમા કરાવ્યેથી મળી શકશે તેવુ સમય અવધિબાદ જણાવેલ છે. જે અંગેની માહિતી પત્ર નં. સે.ઝોન / આરટીઆઈ/૧૯૩૫ તા.૬–૧–૧૨ થી પુરી પાડેલી નકલમાં તેનો સમાવેશ થયેલ છે. જે અંગે અરજદારે અપીલમાં ભાડુ કયાંથી કયાં સુધીનું જણાવેલ નથી તેવી રજુઆત અંગે જાહેર માહિતી અધિકારીએ માંગ્યા મુજબની માહિતી મુજબ પુરી પાડયાનું ફેરવડીંગ પત્રમાં જણાવેલ છે. વધુમાં અરજદાર મુળ અરજીમાં સમયગાળા બાબતે સ્પષ્ટ નથી. કે સમય ગાળા મુજબની વિગતો માંગ્યાનું જણાતુ પણ નથી. તેવા પશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી લીંબાયત ઝોન તરફથી પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૨૨૨૩ તા.૮–૧૧–૧૧ થી ટોરન્ટ પાવર કંપનીના સબ સ્ટેશનના ભાડાની વિગતની માહિતી સમય અવધિમાં પુરી પાડવામાં આવેલ છે. જે અંગે અરજદારે લીંબાયતઝોનની માહીતી બોગસ હોવાનુ જણાવેલ છે પરંતુ તે અંગે કોઈ આધાર/ પુરાવા રજુ કરેલ નથી.

મુદ્દા નં.(૯) ટોરન્ટ પાવર કંપનીના બદબાર ચેમ્બર્સ, કેબલ બોક્ષ મુકવા અંગે સ્થાયી અથવા સામાન્ય સભાનાં ઠરાવની માહિતીની નકલ. તેવા પશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી કતારગામ ઝોન તરફથી પત્ર નં.એન.ઝેડ/આ.૫૩૧૭ તા.૮–૧૧–૧૧ થી નિયત સમય અવધિમાં કતારગામ ઝોનને લાગુ પડતુ નથી. તેવા પ્રશ્ન બાબતે સેન્ટ્રલ ઝોન તરફથી પત્ર નં.સ ે.ઝોન/ આરટીઆઈ /આ. / ૧૪૭૪ તા.૧૧–૧૧–૧૧ થી લાગુ. પડતુ નથી. તેવુ જણાવેલ છે. મુદ્દા નં.૯ સેક્રેટરી વિભાગને સ્ પર્શતો હોય તે અંગેની અપીલ નોડલ ઓફિસર આરટીઆઈ સેલના પત્ર નં.આરટીઆઈ સેલ/૧૨૯૪ તા.૨૧–૧૨–૧૧ થી અપીલ અધિકારી (સેક્રેટરી વિભાગ) ને અપીલ અરજી અંશતઃ તબદીલ કરવામાં આવેલ.

રાંદેર ઝોન તરફથી પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈસેઈ/૬૭૭ તા.૧૭–૧૦–૧૧ થી મુદ્દા નં.૧થી ૯ ની માહિતી રાંદેરઝોનની કચેરીએ ઉપલબ્ધ ન હોય 'નીલ' હોવાનું જણાવેલ છે. જયારે વરાછાઝોન તરફથી સંપુર્ણ તબદીલ થયેલ છે. અત્ ્રે એ પણ સુચક છે કે મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી હેલ્થ સેન્ટર અને હેલ્થ સેન્ટરોની ગ્રાન્ટ અંગે આરોગ્ય અધિકારીને ઝોન તરફથી તબદીલ થયેલ છે અને તેવી માહિતી તેમના કાર્યક્ષેત્રની હોય તેઓએ પુરી પાડવાની રહે છે જે પૈકી મુદ્દા નં.૧ ની માહિતી પુરી પાડવામાં આવેલ છે પરંતુ મુદ્દા નં.૨ થી ૪ અંગેની આરોગ્ય કેન્દ્રના ગ્રાન્ટ અંગેની માહિતી અરજદારને પુરી પડાયેલ જણાતી

નથી કે માહિતીના ઈન્કાર અંગે આરટીઆઈ એકટની કલમ–૮,૯ કે ૧૧ હેઠળ અપવાદનું કોઈ કારણ જણાવેલ નથી. વધુમાં ટોરન્ટ પાવર અંગેના મુદ્દા નં.૫ થી ૮ ની માહિતી જે તે ઝોનમાં ટોરન્ટ કંપનીનું કાર્યક્ષેત્ર આવતુ હોય તેવા ઝોનોએ જ તેવી માહિતી પુરી પાડવાની રહે છે. જે લાગત ઝોનો તરફથી પુરી પાડવામાં આવેલ છે. મુદ્દા નં.૧ ટી.પી. વિભાગ ધ્વારા તમામ ઝોનને તબદીલ કરેલ છે પરંતુ આંશિક " નવા વિસ્તારનો સમાવેશ કયાંથી કયાં સુધી" તેવી કોઈ માહિતી આપેલ નથી. કોઈપણ ઝોન ધ્વારા પણ તે માહિતી આપાયેલ નથી. જે ટી.પી. જાહેર માહિતી અધિકારી ધ્વારા આપવા જોગ થાય.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

મુદ્દા નં.૧ આંશિક નવા વિસ્તારનો સમાવેશ કયાંથી કયાં સુધીની દફતરી ઉપલબ્ધ માહિતી આરટીઆઈ એકટની કલમ ૭(૬) હેઠળ વિના મુલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭માં અરજદારને પુરી પાડવા ડે.કમિશ્નર (પી એન્ડ ડી) અને જાહેર માહિતી અધિકારી ટાઉન પ્લાનીંગને જણાવવામાં આવે છે.

અરજદારની તા. ૧૨–૧૦–૧૧ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી પૈકી મુદ્દા નં.ર થી ૪ આરોગ્ય કેન્દ્રના ગ્રાન્ટ અંગેની માહિતી જાહેર માહિતી અધિકારી આરોગ્ય તરફથી નહીં પુરી પડાયેલ હોય આરટીઆઈ એકટની કલમ ૭(૬) હેઠળ વિના મુલ્યે દિન –૭માં અત્રેની જાણ હેઠળ અરજદારને પુરી પાડવા ઈ.ચા.ડે.કમિશ્નર (હે અને હો)અને આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારીને જણાવવામાં આવે છે.

મુદ્દા નં.૭ અને ૮ અંગે અરજદારે જાહેર માહિતી અધિકારીના પ્રસ્તાવ અનુસાર નાણાં ભરપાઈ કર્યા હોવા છતાં અરજદારને માહિતી પુરી પાડેલ ન હોય અત્રેની જાણ હેઠળ દિન–૭માં માહિતી પુરી પાડવા કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી અઠવાઝોનને જણાવવામાં આવે છે.

મુદ્દા નં.૭ અને ૮ અંગે અરજદારે રૂા.૩૬/– નાણાં ભરપાઈ કર્યા છે પરંતુ જાહેર માહિતી અધિકારીના પ્રસ્તાવ અનુસાર રૂા.ર/– ભરપાઈ કરી માહિતી મેળવવા જણાવેલ અને જેની નકલ જાહેર માહિતી અધિકારીએ પુરી પાડેલ છે. આથી અરજદારને અન્ય કોઈ માહિતી પુરી પાડવાની હોય તો નાણાં સરભરની રીતે અત્રેની જાણ હેઠળ દિન–૭માં પુરી પાડવા અથવા કલમ ૭(૩) હેઠળ ફી અંગે અરજદારને વિગતથી અવગત કરવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોનને જણાવવામાં આવે છે.

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –ર–૧ર

પ્રતિ,

(૧) જાહેર માહિતી અધિકારી તમામ ઝોન / ડે.કમિશ્નર (પી.એન્ડ ડી.) અને જાહેર માહિતી અધિકારી (ટી.પી.) ઈ.ચા.ડે.કમિ.(હે અને હો) અને અઅરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારી (આરોગ્ય) ....જાણ તથા અમલ માટે

(ર) શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર,